# વિશ્વવિહાર

વર્ષ : 16 * અંક 11 * ઑગસ્ટ 2014 * કિં ₹ 10



દક્ષિણ ગોળાર્ધમાં એન્ટાર્કટિકામાં સ્થાપિત
બાયસેપ-૨ (BICEP-2)



'બ્રહ્માંડ : એક રહસ્ય અને આધુનિક વિજ્ઞાન' પુસ્તકના વિમોચન પ્રસંગે
ડૉ. સુબોધ ઝવેરી, નિરંજન ભગત, પી.સી. પટેલ, કુમારપાળ દેસાઈ અને સુશ્રુત પટેલ



શ્રી ગોવર્ધન પંચાલ જન્મ શતાબ્દી પ્રસંગે એમ.કે. રૈના, મન્વીતા બારાડી,
કુમારપાળ દેસાઈ, હસમુખ બારાડી, દર્શનાબહેન ઝવેરી, ભાગ્યેશ જહા,
સુનીલ કોઠારી, મહેશ ચંપકલાલ અને એસ.ડી. દેસાઈ

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ વતી મુદ્રક, પ્રકાશક અને તંત્રી કુમારપાળ દેસાઈ,
પ્રકાશનસ્થળ : ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, ૫૧/૨, રમેશપાર્કની બાજુમાં, બંધુસમાજ સોસાયટી સામે, ઉસ્માનપુરા, અમદાવાદ ૩૮૦ ૦૧૩. ફોન : ૨૭૫૫ ૧૭૦૩, મુદ્રણસ્થળ : ભગવતી ઑફસેટ, બારડોલપુરા, દરિયાપુર દરવાજા બહાર, અમદાવાદ ૩૮૦ ૦૦૪
•
email : vishvakoshad1@gmail.com • www.vishwakosh.org
છૂટક કિંમત રૂ. ૧૦/-, વાર્ષિક લવાજમ રૂ. ૧૦૦/-
લવાજમ : 'ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ'ના નામે ડ્રાફ્ટ અથવા મ.ઓ.થી જ મોકલવું.
[અહીં પ્રગટ થતાં લખાણોમાંના વિચાર-અભિપ્રાયની જવાબદારી જે તે લેખકની છે.]

## અવિસ્મરણીય

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ દ્વારા નૃત્ય ક્ષેત્રે ઉત્કૃષ્ટ પ્રતિભા ધરાવતાં શ્રી મૃણાલિની સારાભાઈને ૨૭ જૂન, ૨૦૧૪ના રોજ 'શ્રી ધીરુભાઈ ઠાકર સવ્યસાચી સારસ્વત ઍવૉર્ડ' અર્પણ કરવામાં આવ્યો. ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ દ્વારા સાહિત્ય, સંગીત, નૃત્ય, ચિત્ર, શિલ્પ, સ્થાપત્યક્ષેત્રે ઉત્તમ પ્રદાન કરનાર ગુજરાતમાં વસતા કે ગુજરાતની વ્યક્તિને પ્રતિ વર્ષ આ ઍવૉર્ડ એનાયત કરવામાં આવે છે. તેની ભૂમિકા આપતાં કુમારપાળ દેસાઈએ જણાવ્યું કે, ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ દ્વારા પ્રથમ 'સવ્યસાચી સારસ્વત ઍવૉર્ડ' મુરબ્બીશ્રી નારાયણભાઈ દેસાઈને અર્પણ થયો હતો અને આજે બીજો ઍવૉર્ડ મૃણાલિનીબહેન સારાભાઈને અર્પણ થાય છે. ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટની પ્રવૃત્તિને પ્રેરણા અને પ્રોત્સાહન આપતા રહેલા શ્રી સી. કે. મહેતાના સૂચનને પરિણામે અમે આ વર્ષથી આ ઍવૉર્ડ 'શ્રી ધીરુભાઈ ઠાકર સવ્યસાચી સારસ્વત ઍવૉર્ડ'ના નામે અર્પણ કરી રહ્યા છીએ અને નિર્ણાયક સમિતિમાં સર્વ શ્રી બાલકૃષ્ણ દોશી, અમિત અંબાલાલ, ધીરુબહેન પટેલ, અમર ભટ્ટ, કુમારપાળ દેસાઈ અને આ કાર્યના સંયોજક તરીકે હિનાબહેન શુક્લએ કામગીરી બજાવી હતી. આ પ્રસંગે ડૉ. કુમારપાળ દેસાઈએ પ્રાસ્તાવિક વક્તવ્ય આપતાં કહ્યું, 'ગઈ ૨૦૧૩ની ૨જી ડિસેમ્બરે મુરબ્બી ધીરુભાઈએ કહ્યું હતું કે, ''અમારા આ અઠ્યાવીસ વર્ષના યજ્ઞકાર્ય દરમિયાન અમારા કાફલામાં ચૌદ જણ શહીદ થયા છે. એ કઠોર વાસ્તવિકતા ભુલાય એવી તો નથી જ, આમ છતાં અમારો કારવાં ધારી દિશામાં આગળ વધી રહ્યો છે.''

'આજે વિશ્વકોશના આ કાફલાના બે પ્રથમ પંક્તિના રાહબર અમે ગુમાવ્યા છે. અમારી ઇમારતના બે આધાર-સ્તંભોએ વિદાય લીધી છે. અમારા કાફલાના રાહબર શ્રી ધીરુભાઈ ઠાકર અને સંસ્થાના પ્રમુખ શ્રી શ્રેણિકભાઈ કસ્તૂરભાઈ બંનેએ છેલ્લાં છ મહિનામાં અમારો સાથ છોડી દીધો છે, પરંતુ અમારી સ્વપ્નસિદ્ધિની કૂચ આજે એ જ રીતે આગળ ચાલી રહી છે. વિશ્વકોશ એ એમણે સોંપેલી જ્ઞાનની મશાલ છે. એની જ્યોત સતત જલતી રહે એ જોવાનું અમારા સહુનું કર્તવ્ય છે.

'ધીરુભાઈનું ૨૪મી જાન્યુઆરીએ અવસાન થયું, તે પછી અમને સહુને લાગ્યું કે એમનાં સ્મરણો સહુનાં મનમાં તાજાં હોય, ત્યારે મેળવીને ગ્રંથસ્થ કરવાં. ધીરુભાઈ સહુને હૃદયસ્થ હોવાથી માત્ર ચાર મહિનાના ટૂંકા ગાળામાં આ કામ શક્ય બન્યું. આજે એકસો વ્યક્તિઓએ આલેખેલાં સ્મરણનો ગ્રંથ 'સવ્યસાચી : સ્મરણદીપના પ્રકાશમાં' પ્રગટ થાય છે. અપૂર્વભાઈ આશરે એની સાજસજ્જામાં ઘણો શ્રમ લીધો અને મણિલાલ હ. પટેલ અને નલિની દેસાઈએ એના સંપાદનકાર્યમાં ભાગ લીધો. વિશ્વકોશના સહુ તજ્જ્ઞો અને



કર્મચારીઓ આ યજ્ઞમાં પોતપોતાની રીતે સમિધ અર્પે છે. જ્યાં સુધી વિશ્વપતિનું વિશ્વ ચાલશે, ત્યાં સુધી વિશ્વકોશ ચાલશે એવી ધીરુભાઈની ભાવના સાથે આ જગન્નાથનો રથ પરસ્પરના સહયોગથી અમે આગળ ધપાવી રહ્યા છીએ.'

આ ઍવૉર્ડ અર્પણ કરતાં શ્રી નારાયણ દેસાઈએ જણાવ્યું કે, 'રવીન્દ્રનાથે પોતાનાં કાવ્યોમાં 'વિશ્વમાનુષ' શબ્દ વાપર્યો છે. હું એને સહેજ જુદી રીતે કહીશ. જેની ચેતના વિશ્વ સુધી પહોંચેલ છે એ અર્થમાં વિશ્વમાનુષ શબ્દ વાપરવાનો છું. મૃણાલિનીબહેન અને વિક્રમભાઈ બંનેને માટે આમ કહી શકાય. એમણે એક સ્તરની કે એક વિભાગની દિશાને બદલે બે જુદી જુદી દિશામાંથી પોતાનું વિશ્વમાનુષત્વ પ્રગટ કર્યું. મારી દૃષ્ટિએ વિશ્વમાનુષનાં મૂળ સ્વદેશમાં હોય અને દૃષ્ટિ દેશેદેશમાં હોય. સેવાક્ષેત્ર જેનું પોતાના ઘરમાં હોય અને લક્ષ્ય દુનિયામાં હોય એ વિશ્વમાનુષ. મૃણાલિનીબહેન 'દર્પણ'માં શીખવે અને એમના વિદ્યાર્થીઓ પાંચેય ખંડમાં શિખવાડે. વિક્રમભાઈ સાથે મારી ત્રણ કલાકની પહેલી મુલાકાત 'લવ ઍટ ફર્સ્ટ સાઇટ' જેવી હતી.

'નક્કરપણે પોતાની પૃથ્વી પર પગ રાખીને મુક્તપણે વિશ્વમાં વિચરે એવું આ જોડું પોતપોતાના ક્ષેત્રની અંદર સ્વતંત્રપણે વિહાર કરતું હતું. કાળની દૃષ્ટિએ પરંપરાની સાથે પરિવર્તનને જોડી શક્યાં. ભૂતકાળ અને વર્તમાનકાળનો સંગમ બંને ક્ષેત્રોમાં જોવા મળ્યો. એક સત્યના ઉપાસક વિજ્ઞાનની દૃષ્ટિએ અને બીજા સુંદરના ઉપાસક. બંને મળીને ચિંતન કરતાં હતાં શિવનું. સત્ય, શિવ, સુંદર – આ ત્રણનો સંગમ કેવી રીતે થયો તેનો વિચાર કરીએ તો આપણને સમજાશે કે આ સારસ્વત ઍવૉર્ડ માટે કેવી દૃષ્ટિ રાખી છે. સારસ્વત એટલે સરસ્વતીના ઉપાસક અને સરસ્વતીના ઉપાસક એટલે સાહિત્યના ઉપાસક. પરંતુ અહીં કલાનાં બધાં ક્ષેત્રોને જોડ્યાં છે. એ રીતે પોતાનું સારસ્વત્વ પ્રગટ કર્યું. બંનેનું એકત્વ હતું તે શિવ ભણીની દૃષ્ટિ – કલ્યાણ ભણીની દૃષ્ટિ હતી. એ તત્ત્વનો વિચાર કરવો જોઈએ. મર્મજ્ઞતા અને નિઃસ્પૃહતા બે જ્યારે ભેગાં થાય છે, ત્યારે શિવની દૃષ્ટિ એમાંથી પેદા થતી હોય છે, તે આપણને અહીં જોવા મળે છે.

'રવીન્દ્રનાથે એની કવિતામાં કહ્યું છે કે 'તારા ખોળામાં મને સ્થાન આપ.' કલ્યાણના – પરમેશ્વરના – ખોળામાં સ્થાન કોને મળે ? હે પ્રભુ ! તું મને હજી વધુ પ્રેમ આપતો જા જેથી તારા પ્રેમમાં મારો અહંકાર ડૂબી જાય. રવીન્દ્રનાથે અહંકાર નિરસનનો ભક્તિયોગ બતાવ્યો. તો વિનોબા ભાવેએ સમગ્ર સૃષ્ટિમાં તમે ક્યાં છો ? કહીને અહંકારમુક્તિનો જ્ઞાનયોગ દર્શાવ્યો. મહાત્મા ગાંધી કહે છે કે મને મારો દરિદ્રનારાયણ રેંટિયામાં દેખાય છે. આ દેશનો સૌથી ઓછી કમાણી કરનારા માણસ(તે વખતે આઠ કલાક કાંતવાના પાંચ પૈસા રોજી મળતી હતી)નું ચિંતન હું દરેક તારે કરું છું.

અહંકારમુક્તિનો એ કર્મયોગ. આપણે સહુએ આ ત્રણમાંથી કોઈ પણ એક રસ્તા પર જઈને સત્ય, શિવ, સુંદરની ઉપાસના કરી શકીએ તો આજનો ઍવૉર્ડ સફળ થશે.'

ધીરુબહેન પટેલે ગ્રંથવિમોચન કરતાં કહ્યું કે અસ્તિત્વના અવિરત પ્રવાહમાં જન્મ અને મરણના બે ઘાટ આવે છે. એનું મહત્ત્વ આપણે કંઈક વધારે પડતું આંકીએ છીએ એટલે આપણા કોઈ સ્નેહાળ વડીલ કે પ્રેરણામૂર્તિ જ્યારે સદેહે આપણી વચ્ચે ન હોય, ત્યારે આપણે ઊંડું દુઃખ અનુભવીએ છીએ અને દિશાશૂન્ય બની જઈએ છીએ.

'આદરણીય પ્રાતઃસ્મરણીય ધીરુભાઈ ઠાકરે આપણી વિદાય લીધી તેનો આઘાત મને પણ ઘણો જ લાગ્યો હતો, છતાં કળ વળ્યા પછી લાગ્યું કે આ અવસર માત્ર શોક કરવાનો નથી. એક ફુલ્લપ્રફુલ્લ વ્યક્તિત્વ આપણી નજર સમક્ષ નહીં હોય, એમના ડહાપણભર્યા અને વાત્સલ્યપૂર્ણ માર્ગદર્શનનો લાભ આપણને નહીં મળે એ વિચારથી ઉદાસ થઈ જઈએ એ સ્વાભાવિક હોવા છતાં જ્યારે આ પુસ્તક આપણી પાસે આવે છે અને આપણે જોઈએ છીએ કે સ્મરણદીપમાં કેટકેટલાં કિરણોનો ઉજાસ ઝિલાયો છે અને ચિરંજીવ થયો છે ! એમ લાગ્યા વિના નથી રહેતું કે આ અવિસ્મરણીય વિદ્યાપુરુષ આપણી વચ્ચે આટલો બધો વખત રહ્યા એ વાતનો આનંદ અને આભાર આપણે મનના એકાંતમાં માણવો જોઈએ અને જો પ્રભુ સાથે વાતચીતનો નાતો બંધાયો હોય તો એને પણ જણાવવો જોઈએ.

'આપણે સૌ જાણીએ છીએ કે એક કીમતી રત્ન ભલે પૃથ્વીના પેટાળમાં પાક્યું હોય, પણ જ્યારે એને કોઈ કુશળ કારીગરના હાથે પાસા પડે, ત્યારે જેટલા વધારે પહેલ હોય એટલું એનું મૂલ્ય પણ વધે અને ચમક પણ વધે. આપણા ધીરુભાઈને આપણે શું કહીશું ? એક વિરલ વિદ્વાન, ખંતીલા વિવેચક અને સંશોધક, જીવનના છેક છેલ્લા તબક્કામાં પણ કઠોર પરિશ્રમ કરીને ન માની શકાય એટલા ઓછા સમયમાં સુઘડ અને સુંદર પુસ્તકની ભેટ આપણને આપી શકે એવા અનુવાદક, એક વિદ્યાપ્રિય શિક્ષક અને શિસ્તપ્રિય છતાં વત્સલ આચાર્ય, નીડરતા જેમના લોહીમાં હતી એવા નેતા, જેમના સંકલ્પ પાર પાડવા વિદ્યાર્થીઓ અને વિદ્વાનો પ્રેમથી હાજર થઈ જાય એવા સ્વપ્નદ્રષ્ટા, કુટુંબજીવન અને જાહેર જીવનની સમતુલા જાળવીને સર્વત્ર પોતાના વ્યક્તિત્વની સુવાસ ફેલાવનાર અને વ્યવહારની આંટીઘૂંટી સમજનાર છતાં એથી નિર્લેપ રહી ધારેલું કાર્ય કરી શકનાર, નાટ્યપ્રેમી, સાહિત્યપ્રેમી, ગ્રંથકાર, જીવનનાં વિવિધ ક્ષેત્રે સૌંદર્યની આભા ઝીલનાર, અનેક ક્ષેત્રે વિહરતી કલાઓ વિશે જિજ્ઞાસા અને જાણકારી જીવંત રાખનાર અને માનવસ્વભાવને સમજનાર આપણા પૂજ્ય અને પ્રિય ધીરુભાઈને આપણે કઈ વ્યાખ્યામાં બાંધી શકીશું ? એમનું સ્મરણ ચિરંજીવ રહે તેને માટે શું કરીશું ?

'એમણે પોતે જ ગુજરાતી ભાષામાં વિશ્વકોશ રચવાનું ભગીરથ કાર્ય આદર્યું અને સંપૂર્ણ કર્યું તે મૂલવવાની શક્તિ ગુજરાતીભાષી લોકોમાં પ્રગટે તે જ એમનું સાચું તર્પણ



ગણાય અને એ યાદ કરાવવા માટે આ ઇમારત અને સંકુલ હાજર છે જ. એને ટકાવવા અને મુ. ધીરુભાઈએ આદરેલો જ્ઞાનયજ્ઞ સદા પ્રજ્વલિત રહે એ જવાબદારી નિભાવવાની શક્તિ પ્રભુ આપણને સૌને આપે એ પ્રાર્થના સાથે હું આ 'સવ્યસાચી : સ્મરણદીપના પ્રકાશમાં' પુસ્તક જનતા સમક્ષ મૂકું છું અને આ અમૂલ્ય લહાવો મને આપવા બદલ નિર્ણયકર્તા અધિકારીઓનો આભાર માનું છું.'

શ્રી સી. કે. મહેતાએ ધીરુભાઈ સાથે કૉલકાતામાં રહેવાની તક મળી તેનાં સ્મરણો આલેખ્યાં, 'સ્મરણદીપના પ્રકાશમાં' પુસ્તકના સંપાદક શ્રી મણિલાલ હ. પટેલે કહ્યું કે આ ગ્રંથ પ્રગટ કરતાં સાર્થક્યની લાગણી અનુભવીએ છીએ. એમનાં વિરાટ જીવનકાર્યો સંદર્ભે આ અત્યંત અલ્પ છે, પરંતુ એમના ઋણને માથે ધરી રાખવા અને એમનાં કાર્યોને આગળ ધપાવવા આ પ્રકાશન દીવાદાંડી બની રહેશે.

આરંભમાં અલ્પા શાહે વિશ્વકોશગાનથી પ્રારંભ કર્યો અને સભાનું સંચાલન પ્રીતિ શાહે કર્યું.

---

**(આઠમા પાનાનું ચાલુ)**

મિડલ ઈસ્ટનો આ ભડકો ભારે ખાનાખરાબીની દિશામાં ચાલી રહ્યો છે. પેલેસ્ટાઇનની ગાઝાપટ્ટીમાં વસતી પ્રજા ઘરબાર છોડી ભાગી રહી છે, મકાનો ધરાશાયી થાય છે, ખાવાપીવાની ચીજવસ્તુઓની તંગી છે. અહીંથી વિસ્થાપિત થતા લોકો લેબેનોન કે જૉર્ડનની દિશામાં જઈ રહ્યા છે, જ્યાં સીમાઓ પર સખત સીમાબંધી કરાયેલી છે કે જેથી પેલેસ્ટાઇની વિસ્થાપિતો પ્રવેશે નહીં. વધુમાં ઇજિપ્ત, લિબિયા, સીરિયામાં રાજકીય ઊથલપાથલ સાથેનો લોહિયાળ જંગ ચાલુ છે. ઇઝરાયલ કોઈ પણ હિસાબે પેલેસ્ટાઇનની ભૂમિગત સુરંગો નેસ્તનાબૂદ કરવા કટિબદ્ધ છે. કારણ કેટલીક સુરંગો એવી છે જે ઇજિપ્ત તરફ ખૂલે છે અને ઇજિપ્ત તરફથી હમાસ શસ્ત્રસહાય મેળવી લે છે.

ઇઝરાયલ કોઈ નરમ રૂખ અપનાવવા તૈયાર નથી, પેલેસ્ટાઇન યુદ્ધવિરામ માટે તૈયાર નથી ત્યારે આ પ્રશ્નનો ઉકેલ લગભગ અસંભવ બને છે. એક નાની શી પણ મહત્ત્વની આડવાત એ છે કે જગતની ૦.૨ ટકા યહૂદી પ્રજાએ ૧૯૦૧થી ૨૦૧૩ સુધીમાં ૨૨ ટકા નોબેલ પુરસ્કારો મેળવ્યા છે. જગતની આ બુદ્ધિમાન પ્રજાનું પીઠબળ માત્ર ને માત્ર ઇઝરાયલ ધરાવે છે ત્યારે તેને સૈન્યશક્તિ, નાણાં કે અન્ય રીતે આરબો પરાસ્ત કરી શકે તેમ નથી. આથી એક માત્ર માર્ગ એ રહે છે કે વાટાઘાટો દ્વારા શાંતિપ્રસ્તાવના માર્ગે તેઓ આગળ વધે. અત્યારે તો આ ગૂંચવાયેલું કોકડું ઊકલવાનાં એંધાણ દેખાતાં નથી.

**– રક્ષા મ. વ્યાસ**

# ગૂંચવાયેલું કોકડું

ઇઝરાયલ અને પેલેસ્ટાઇન બે સાખપડોશી દેશો છે. બીજા વિશ્વયુદ્ધને અંતે પેલેસ્ટાઇનનું વિભાજન કરી તેનો એક હિસ્સો યહૂદીઓને સોંપવામાં આવ્યો અને ત્યાં ઇઝરાયલ નામનો એક દેશ ૧૯૪૮માં રચાયો. યહૂદી ધર્મ અને હિબ્રૂ ભાષા–સંસ્કૃતિ અહીં ઉદ્‌ભવ્યાં તેમજ વિકસ્યાં હતાં તેથી આ ભૂભાગ તેને સુપરત કરાયો હતો. પેલેસ્ટાઇનના વિભાજન સમયે ગાઝા શહેર અને ત્યાંથી લંબાતી ગાઝાપટ્ટી – જે ૨૫ માઈલ લાંબી અને ૪ માઈલ પહોળી છે – ભારે વિવાદનું કેંદ્ર રહ્યાં. પ્રારંભે ઇજિપ્તે ગાઝા વિસ્તાર કબજે કરેલો પછી ઇઝરાયલે તેના પર કબજો જમાવ્યો, આંતરરાષ્ટ્રીય દબાણને કારણે તેણે તે વિસ્તાર છોડી દીધો. જૂન, ૧૯૬૭માં ફરી તે વિસ્તાર કબજે કર્યો. ૧૯૯૩માં પેલેસ્ટાઇન લિબરેશન ઑર્ગેનાઇઝેશન સાથેની મંત્રણાને કારણે ઇઝરાયલ ગાઝાપટ્ટી ખાલી કરવા સંમત થયેલું. વચ્ચે વચ્ચે મતભેદો, તનાવ અને મંત્રણાઓ પછી ૨૦૦૫માં ઇઝરાયલે ગાઝાનો કેટલોક વિસ્તાર ખાલી કર્યો. ૨૦૦૨માં યુએનએ પેલેસ્ટાઇનના સ્વતંત્ર રાજ્યના વિચારને સંમતિ આપી હતી, પણ તેને સ્વતંત્ર રાજ્યનો દરજ્જો મળ્યો નહોતો. પેલેસ્ટાઇનમાં પ્રારંભે પી.એલ.ઓ. અને તેના નેતા યાસર અરાફત ઘણા મજબૂત હતા. પરંતુ પાછલાં વર્ષોમાં યાસર અરાફતના સમાધાનકારી વલણને કારણે તેમની લોકપ્રિયતામાં ઓટ આવેલી અને પી.એલ.ઓ. નબળું પડેલું.

આ ગાળા દરમિયાન પેલેસ્ટાઇનમાં હમાસ – હરકત અલ મુકાવામા અલ ઇસ્લામિયા, HAMAS – સંગઠન મજબૂત બનતું ગયું. હમાસ પેલેસ્ટાઇનનું ત્રાસવાદી ગેરીલા સંગઠન છે જે મુસ્લિમ બંધુત્વમાં માને છે. તે ઇસ્લામિક આંદોલનને વેગ આપવા સાથે રાજકીય પક્ષ તરીકે પેલેસ્ટાઇનમાં કામ કરે છે. ૨૦૦૬માં તે ચૂંટણી દ્વારા પેલેસ્ટાઇનમાં સત્તા પર આવ્યું છે. આ જૂથોને અને તેના પાડોશી આરબ જગતને ઇઝરાયલની રચના સદાય ખટકતી રહી છે કારણ કે તેણે આરબભૂમિમાં ભાગ પડાવ્યો છે. ઇઝરાયલની યહૂદી પ્રજાને લાંબી-ભીષણ યાતનાઓ પછી આ એક ભૂભાગ સ્વદેશ તરીકે સાંપડ્યો છે તેથી કોઈ પણ નાના છમકલા, સિનાજોરી કે બળજબરી તે સાંખી લેવા કદાપિ તૈયાર નથી.

આથી જુલાઈના પ્રથમ સપ્તાહમાં ગાઝાપટ્ટીના ઇઝરાયલી છેડા તરફ આવેલા વેસ્ટ બૅન્કમાંથી ૩ ઇઝરાયલી યુવાનો ગાયબ થયા (આમ અવારનવાર બને છે.) ત્યારે ઇઝરાયલ છંછેડાયું. આ યુવાનોની હત્યા કરવામાં આવેલી. તેથી તેમાં ઇઝરાયલને હમાસનો દોષ દેખાયો. જેમાંથી આજનો ગાઝાપટ્ટી સંઘર્ષ પેદા થયો. વાસ્તવમાં તે યુદ્ધ નથી, અહીં લશ્કરો આમનેસામને નથી. પણ લડાઈ છે, જેમાં બંને દેશોના નેતાઓ, સમૂહો અને તેના ફિરકા પારસી સભ્યો એકબીજાનો મૂળમાંથી છેદ ઉડાડવા કટિબદ્ધ છે. ઉપર્યુક્ત કિસ્સામાં ઇઝરાયલે વળતાં પગલાં લેવા માટે પેલેસ્ટાઇન પર હવાઈ હુમલા શરૂ કર્યા. ઇઝરાયલના આ વલણની સૌથી અગત્યની બાબત એ છે કે તે નાનાં છમકલાંઓનો પણ જડબાતોડ જવાબ પ્રતિસ્પર્ધીને આપે છે. આ બાબતે જરા પણ ઢીલી નીતિ તે અખત્યાર કરતું નથી અને પ્રતિસ્પર્ધીને મૂળસોતા ઉખેડી નાંખવાની નીતિ અખત્યાર કરે છે. ઇઝરાયલી હવાઈ હુમલાના જવાબમાં હમાસે હજારો મિસાઇલો દાગી. પણ મર્યાદિત શક્તિવાળી મિસાઇલો ઇઝરાયલને ઝાઝું નુકસાન પહોંચાડી શકી નહીં. જ્યારે ઇઝરાયલના વળતા હવાઈ હુમલા નિર્દોષ નાગરિકો પર બૉંબવર્ષા બનીને ત્રાટક્યા. ૨૮ જુલાઈ સુધીમાં ૪૩ ઇઝરાયલી નાગરિકો સામે ૧૦૭૦ પેલેસ્ટાઇનીઓએ જાન ખોયા છે જેમાં મોટી માત્રામાં મહિલા અને બાળકોનો સમાવેશ થાય છે. યુદ્ધના નિયમ મુજબ નાગરિક વિસ્તારોમાં હુમલા કરી શકાતા નથી, ઇઝરાયલ આ યુદ્ધ-નિયમોનો પણ ભંગ કરી તેની ખુદની તાકાત પર મુસ્તાક રહ્યું છે. ઇઝરાયલને સ્વરક્ષણનો હક્ક છે એમ જણાવી અમેરિકાએ તેને આ બાબતે નૈતિક બળ પૂરું પાડ્યું છે.

આ અંગે યુદ્ધવિરામ માટે બેમાંથી કોઈ રાજ્ય તૈયાર નથી. આ દરમિયાન પેલેસ્ટાઇને ભૂમિગત સુરંગો વ્યવસ્થિત તૈયાર કરેલી હતી. જેમાંથી શસ્ત્રો સાથે માનવ-આવનજાવન શક્ય હતી. આ સુરંગો દ્વારા મિસાઇલોની તાલીમ પામેલા સૈનિકોએ ઇઝરાયલને તેમનું લક્ષ્યાંક બનાવતાં આ લડાઈ વધુ વકરી. ઇઝરાયલની નજરે હવે એ સ્પષ્ટ છે કે આ ભૂમિગત સુરંગોનો નાશ કર્યા વિના લડાઈ અટકે તેમ નથી. પરિણામે ઇઝરાયલે અમેરિકા, યુએન અને અન્ય દેશોની શાંતિ-અપીલને ગણકાર્યા વિના હવાઈ હુમલા ચાલુ રાખ્યા અને ભૂમિદળનો ઉપયોગ ચાલુ કર્યો. વધુમાં ઇઝરાયલના નિવૃત્ત લશ્કરી જવાનો જે ‘રિઝર્વ ફૉર્સ’ તરીકે ઓળખાય છે તેમની પણ આ લડાઈના અનુસંધાને ભરતી કરવામાં આવી. આમ સંઘર્ષની તૈયારીમાં બંને રાજ્યો સક્રિય રહ્યાં.

આ બાબતે અમેરિકાએ વિદેશ મંત્રી જ્હૉન કેરીને ઇજિપ્ત મોકલી ત્યાંની સરકારના પ્રયાસો સાથે યુદ્ધવિરામની તૈયારી કરી. ત્યારે ઇઝરાયલ તૈયાર થયું પણ પેલેસ્ટાઇને તેનો ઇન્કાર કર્યો. યુએનના મંત્રી બાન-કી-મુન ઇઝરાયલના વડાપ્રધાનને મળ્યા. કલાકોભરના યુદ્ધવિરામ માટે બંને રાજ્યો તૈયાર થયાં. શાંતિ સ્થાપવા પૅરિસમાં વિશ્વનેતાઓ મળ્યા પણ લડાઈ અટકાવી શક્યા નથી. ૧૦૭૦ પેલેસ્ટાઇનના નાગરિકોના મોત સાથે લગભગ ૩૦૦૦ ઘાયલ થયા છે. આવશ્યક દવાઓ અને સેવાની સ્થિતિ ખોરવાઈ છે. રમઝાન ઈદના કારણે ૧૨ કલાકનો યુદ્ધવિરામ હમાસે સ્વીકાર્યો છે પણ ઇઝરાયલ માનતું નથી અને બૉંબમારો ચાલુ છે.

**(અનુસંધાન છઠ્ઠા પાને)**

# ગ્રંથાલય-પ્રવૃત્તિના તપઃપૂત ઋષિ



નવમી ઑગસ્ટ તે ડૉ. એસ. આર. રંગનાથન્‌નો જન્મદિવસ. સમગ્ર દેશમાં આ દિવસ 'ગ્રંથપાલ દિવસ' (Librarians' Day) તરીકે ઊજવાય છે. આ દિવસે આધુનિક ગ્રંથાલયશાસ્ત્રના વિષયો ઉપર દેશનાં જુદાં જુદાં રાજ્યો અને શહેરોમાં પરિસંવાદો યોજાય છે. ભારતમાં અને વિશ્વમાં ગ્રંથાલયક્ષેત્રે ઉત્કૃષ્ટ અને અનેરું પ્રદાન આપનાર આ ભારતીય ગ્રંથાલયશાસ્ત્રીની ઓળખ મેળવીએ.

ડૉ. શિયાલી રામામૃત રંગનાથન્‌નું સમગ્ર જીવન અનન્ય હતું. ગ્રંથાલય-સેવાઓ અને ગ્રંથાલયશાસ્ત્રમાં ડૉ. રંગનાથન્‌ના યોગદાન વિશે આખું વિશ્વ જાણે છે. વર્તમાન સમયના ગ્રંથાલય-સેવા અને ગ્રંથાલયશાસ્ત્રના યુગને બ્રિટિશ ગ્રંથાલય તદ્વિદો 'રંગનાથન્ યુગ' કહે છે, જ્યારે અમેરિકાના ગ્રંથપાલો એમને 'વિશ્વના ગ્રંથપાલ' તરીકે ઓળખાવે છે.




ડૉ. રંગનાથન્‌ના ગ્રંથાલય અને માહિતીશાસ્ત્રના મૂળભૂત સિદ્ધાંતો આજના ઇલેક્ટ્રૉનિક અને ઇન્ટરનેટના વાતાવરણમાં પણ સર્વ પ્રકારના ગ્રંથાલયો માટે એટલા જ પ્રસ્તુત છે, જેટલા ૮૫ વર્ષ પહેલાં હતા.

ગાંધીજીએ તેમના 'હિન્દ સ્વરાજ અહિંસક સંસ્કૃતિની ખોજમાં' પુસ્તકમાં કહ્યું છે કે 'મારી યોજનામાં ગ્રંથાલયો, પ્રયોગશાળાઓ અને સંશોધન-સંસ્થાઓ વધુ સંખ્યામાં અને વધુ સારાં હશે !' સમાજના સર્વાંગી વિકાસ માટે દેશવ્યાપી ગ્રામ-ગ્રંથાલયોની યોજના તૈયાર કરવા મહાત્મા ગાંધીએ ડૉ. એસ. આર. રંગનાથન્‌ને ઈ. સ. ૧૯૪૪માં સેવાગ્રામ આવવા માટે તાર કર્યો. મદ્રાસ યુનિવર્સિટી ગ્રંથાલયમાંથી નિવૃત્ત થયા બાદ ડૉ. એસ. આર. રંગનાથન્ તેમનાં માતુશ્રીના આગ્રહને વશ થઈને ભગવાન વિશ્વંભરના દર્શને બનારસ જઈ રહ્યા હતા, ત્યારે મહાત્મા ગાંધીએ રાત્રે વર્ધા સ્ટેશને તેમનાં માતુશ્રી માટે દૂધ મોકલાવ્યું હતું. તેમનાં માતુશ્રી ચુસ્ત બ્રાહ્મણ હતાં, જે બહારનું પાણી સુધ્ધાં પણ પીતાં ન હતાં, પરંતુ જ્યારે ડૉ. રંગનાથને કહ્યું કે આ દૂધ મહાત્મા ગાંધીજીએ મોકલાવ્યું છે, ત્યારે તેઓએ આ દૂધને પ્રસાદ માનીને પ્રેમ અને આદરપૂર્વક ગ્રહણ કર્યું હતું.

ડૉ. રંગનાથન્‌ના જીવન પર ગાંધીજીનો ઘણો પ્રભાવ પડ્યો. તેઓ ગાંધીજીને માયાળુ



દિલના માનવી માનતા. ડૉ. રંગનાથને તેમના એક વ્યાખ્યાનમાં ગાંધીજીની ઓળખ આ રીતે આપી છે : પોતાની ફરજ બજાવતા શુદ્ધ અનાસક્ત રહેવું; ક્રોધ પર તેમનો અંકુશ અપૂર્વ હતો; તેમનામાં કોઈ પણ પ્રકારની લોભવૃત્તિ ન હતી. તેઓ આત્મપ્રશંસા ઇચ્છતા નહીં અને શુદ્ધ આચરણના આગ્રહી હતા. ડૉ. રંગનાથને પણ ગાંધીજીના જીવનના આ આદર્શોને અનુસરવા પ્રયત્નો કર્યા હતા.

ડૉ. રંગનાથન્ તેમના ઉપર આવતા પત્રોના જવાબો તે જ દિવસે આપતા. કેટલાક પત્રોના જવાબો હાથથી લખીને આપતા, આ માટે લાકડાના પાટલાનો ઉપયોગ કરતા અને તે પાટલો રાત્રે તેમનું ઓશીકું બની જતો. તેઓ દિવસમાં એક જ વખત જમતા અને સાંજે દૂધ જ લેતા. આવી સરળ હતી તેમની રહેણીકરણી.

ડૉ. રંગનાથન્‌નો જન્મ ૯મી ઑગસ્ટ, ૧૮૯૨માં અત્યારના તામિલનાડુ રાજ્યના તાંજોર જિલ્લાના શિયાલી ગામમાં થયો હતો. આજે ભારત વિશ્વમાં ગ્રંથાલયશાસ્ત્ર અને ગ્રંથાલય-સેવાના ક્ષેત્રે અગ્રણી રહ્યું છે, તેનું શ્રેય ડૉ. રંગનાથન્‌ને ફાળે જાય છે.

સૌપ્રથમ ઈ. સ. ૧૯૨૪માં તેઓ મદ્રાસ યુનિવર્સિટીમાં ગ્રંથપાલ તરીકે જોડાયા. ઈ. સ. ૧૯૨૮માં તેમણે આપેલા 'ગ્રંથાલયશાસ્ત્રનાં પાંચ સૂત્રો' સદાકાળ ચિરંજીવ રહ્યાં છે અને રહેશે. આજે પણ તે એટલાં જ પ્રસ્તુત છે. આ પાંચ સૂત્રો છે :

(૧) પુસ્તકો ઉપયોગ માટે છે.

(૨) દરેક વાચકને પુસ્તક પ્રાપ્ત થાઓ.

(૩) દરેક પુસ્તકને વાચક પ્રાપ્ત થાઓ.

(૪) વાચકનો સમય બચાવો.

(૫) ગ્રંથાલય એ વિકસતી જીવંત સંસ્થા છે.

હાલના કમ્પ્યૂટર અને ઇન્ટરનેટના જમાનામાં આ સૂત્રોમાં પુસ્તકની જગ્યાએ માહિતી-જ્ઞાન મૂકો અને ગ્રંથાલયની જગ્યાએ માહિતીવિજ્ઞાન કેન્દ્ર મૂકો અને પછી જુઓ. આમ આજના સંદર્ભમાં પણ આ સૂત્રો એટલાં જ ઉપયોગી, પ્રસ્તુત અને પ્રેરણાદાયી છે.

આધુનિક ગ્રંથાલય/માહિતી કેન્દ્રની વ્યવસ્થાપનની દૃષ્ટિએ જોઈએ તો પહેલું સૂત્ર : ગ્રંથાલય/માહિતી સંસ્થાનાં ધ્યેય(મિશન)ને મૂર્તસ્વરૂપ આપે છે. આમ પુસ્તકો/માહિતીનો મહત્તમ ઉપયોગ થાય તે માટે વાચકોને સઘળી સગવડ આપો. આ સૂત્રે ગ્રંથાલયોની દૃષ્ટિમાં પરિવર્તન આણ્યું. જ્યારે બીજું સૂત્ર : ગ્રંથપાલ માટે દરેક ઉપભોક્તાને (વાચકને) જોઈતી માહિતી મળે તે માટેના વિઝન(દૃષ્ટિ)નું નિરૂપણ કરે છે. ત્રીજું સૂત્ર એ આવેલાં પરિવર્તનોને પૂર્ણ કરવાનું કહે છે. દરેકદરેક માહિતી યોગ્ય ઉપભોક્તાને શોધીને પણ પહોંચાડવી જ જોઈએ. આમ માહિતીના માર્કેટિંગના સઘન પ્રયત્નોને આ સૂત્ર પ્રોત્સાહિત

કરે છે. જ્યારે ચોથું સૂત્ર સંપૂર્ણ ઉપભોક્તાલક્ષી છે. ગ્રંથપાલે વાચકની સંપૂર્ણ દરકાર રાખવી જોઈએ. વાચક ગ્રંથાલય-સેવાઓથી સંપૂર્ણ ખુશ થવો જોઈએ. જ્યારે પાંચમું સૂત્ર એ ગ્રંથાલયના ભાવિવિકાસ માટે પહેલેથી જ ઉદાર વ્યવસ્થા કરી રાખવાનું સૂચન કરે છે.

ડૉ. એસ. આર. રંગનાથને ૧૯૨૪થી ૧૯૭૨ના સમયગાળામાં ગ્રંથાલય-શાસ્ત્ર અને માહિતીવિજ્ઞાન ક્ષેત્રને આવરી લેતાં એકસોથી વધુ પુસ્તકો, ૧૫૦૦ ઉપરાંત લેખો તેમજ ભારતનાં વિવિધ રાજ્યો માટેના ગ્રંથાલયધારાના મુસદ્દાઓ તૈયાર કર્યાં હતાં. આજે પણ આ પુસ્તકો અને અન્ય સાહિત્ય ગ્રંથાલય અને માહિતીવિજ્ઞાનક્ષેત્રે માર્ગદર્શક છે. વિશ્વને તેઓએ દ્વિબિંદુ વર્ગીકરણ પદ્ધતિ અને વર્ગીકૃત સૂચીકરણની અલભ્ય ભેટ આપી છે. તેમણે દર્શાવેલા સ્થાપિત વર્ગીકરણના સિદ્ધાંતોનો ઉપયોગ દુનિયાના વિવિધ દેશો પોતાની રાષ્ટ્રીય વાઙ્મયસૂચિ (National Bibliography) તૈયાર કરવા માટે કરે છે. કમ્પ્યૂટર-શાસ્ત્રમાં અને ઇન્ટરનેટ સર્ચમાં પણ એમના સિદ્ધાંતોનો ઉપયોગ થાય છે. કારણ કે તેઓ હાડે ગણિતશાસ્ત્રી હતા. એમણે ભારતમાં અને ભારત બહાર અનેક સંસ્થાઓની સમિતિઓમાં તજ્જ્ઞ તરીકે કામ કરીને ભારતને પ્રતિષ્ઠા અપાવી હતી. તેઓ ૧૯૪૮માં રાષ્ટ્રસંઘની ગ્રંથાલય તજ્જ્ઞોની આંતરરાષ્ટ્રીય સમિતિના સભ્ય હતા. ૧૯૪૬માં ઇન્ટરનેશનલ ફેડરેશન ફોર ડોક્યુમેન્ટેશનની વર્ગીકરણ સંશોધન સમિતિના અધ્યક્ષ હતા. આ ઉપરાંત અનેક આંતરરાષ્ટ્રીય અને રાષ્ટ્રીય પરિષદોમાં પ્રમુખ તરીકે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. તેમણે પોતાનું સમગ્ર જીવન ગ્રંથાલય-સેવાક્ષેત્ર અને ગ્રંથાલયશાસ્ત્રના શિક્ષણ અને આધુનિક સંશોધનને અર્પણ કરી દીધું હતું. ૧૯૪૫માં મદ્રાસ યુનિવર્સિટી ગ્રંથાલયના ગ્રંથપાલ તરીકે તેમણે સ્વૈચ્છિક નિવૃત્તિ લીધી અને બનારસ હિંદુ યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. એસ. રાધાકૃષ્ણન્‌ના આમંત્રણથી તેઓ યુનિવર્સિટીના ગ્રંથપાલ તરીકે જોડાયા. ત્યાં ડૉ. રંગનાથને કાર્યક્ષમતાથી ૧૯૪૫થી ૧૯૪૭ સુધીના સમયગાળામાં એક લાખ ઉપરાંત પુસ્તકોના સંગ્રહનું વર્ગીકરણ અને સૂચીકરણ પૂર્ણ કર્યું.

ઈ. સ. ૧૯૪૭માં દિલ્હી યુનિવર્સિટીના કુલપતિશ્રી સર મોરિસ ગ્વાયરના આમંત્રણથી દિલ્હી યુનિવર્સિટીમાં જોડાયા. રંગનાથન્ અહીં તાલીમ અને સંશોધનકાર્યમાં ડૂબી ગયા. આ જ યુનિવર્સિટીમાં એમણે ગ્રંથાલયશાસ્ત્રના પીએચ.ડી. સુધીના અભ્યાસક્રમો શરૂ કર્યા. જે ભારતમાં સર્વપ્રથમ ગણાય.

ડૉ. રંગનાથન્‌ને વિશ્વએ અનેક સન્માનો, ચંદ્રકો તથા બક્ષિસોથી નવાજ્યા હતા. જેમાંનાં મુખ્ય છે : ૧૯૩૫માં હિંદી સરકારે 'રાવસાહેબ'ના ઇલકાબથી તેઓને નવાજ્યા, ૧૯૪૮માં દિલ્હી યુનિવર્સિટીએ શ્રી જવાહરલાલ નહેરુ અને ડૉ. કે. એસ. ક્રિષ્ણન્‌ની



સાથે રંગનાથન્‌ને ડી.લિટની માનદ્ ઉપાધિ એનાયત કરી હતી, ૧૯૫૭માં ભારત સરકારે 'પદ્મશ્રી'નો ઇલકાબ આપ્યો, 'ઇન્ટરનેશનલ ફેડરેશન ફોર ડોક્યુમેન્ટેશને' માનદ્ ફેલો તરીકે નીમ્યા, ૧૯૬૪માં યુનિવર્સિટી ઑફ પીટ્સબર્ગે (યુ.એસ.એ.) તેઓને ડી.લિટ.ની માનદ્ પદવી આપી, જ્યારે ૧૯૬૫માં ભારત સરકારે રંગનાથન્‌ને તેમનાં બહુમૂલ્ય સંશોધનકાર્યોને લક્ષમાં લઈને ગ્રંથાલય વિજ્ઞાનમાં 'રાષ્ટ્રીય સંશોધન પ્રાધ્યાપક' તરીકેનું બિરુદ આપી બહુમાન કર્યું; જે ગ્રંથાલય વિજ્ઞાન અને ગ્રંથાલયીત્વ માટેનું બહુમાન હતું. આ બિરુદ તેમની સાથે બીજી પાંચ વ્યક્તિઓને પણ આપવામાં આવ્યું હતું. જેમાં સર સી. વી. રામન, ડૉ. એસ. એન. બોઝ, ડૉ. પી. વી. કાણે અને ડૉ. એસ. કે. ચેટરજીનો સમાવેશ થાય છે. ૧૯૭૫માં માર્કવીન સોસાયટી, યુ.એસ.એ. તરફથી 'ગ્રાન્ડ નાઇટ ઑવ્ પીસ'નો ઍવૉર્ડ આપવામાં આવ્યો હતો. અમેરિકન લાઇબ્રેરી ઍસોસિયેશને ૨૦મી સદીના મહાન ગ્રંથાલયશાસ્ત્રીઓ અને સંશોધનકારોની યાદી તૈયાર કરી, જેમાં ડૉ. રંગનાથન્‌નું નામ મોખરે છે.

આ બહુમાનોને ડૉ. રંગનાથને સાહજિક રીતે સ્વીકાર્યાં હતાં. હિતેચ્છુઓ, મિત્રો તથા વ્યાવસાયિકો તરફથી અભિનંદન પત્રોના જવાબો પોતાના હસ્તાક્ષરથી એક સાદા પોસ્ટકાર્ડમાં લખીને મોકલતા. તેઓ જણાવતા કે : 'ઈશ્વરે મને એક સાધન તરીકે પસંદ કર્યો છે. મને આપવામાં આવેલ બહુમાન નવી પેઢીને ગ્રંથાલયવિજ્ઞાન અને સેવા માટે તેમનું જીવન સમર્પણ કરવા માટેની પ્રેરણા પૂરી પાડવાનું કામ કરશે.'

તેઓને ઈશ્વરમાં અતૂટ શ્રદ્ધા હતી. તેઓ ગ્રંથાલયપ્રવૃત્તિના નિઃસ્પૃહી તપઃપૂત ઋષિ હતા. રાષ્ટ્રીય સંશોધન પ્રાધ્યાપક તરીકે મળતું વેતન અને તેમનાં પુસ્તકોની રૉયલ્ટી ૧૯૬૧માં સ્થાપેલી 'શારદા રંગનાથન્ એન્ડાઉમેન્ટ ફોર લાઇબ્રેરી સાયન્સ'ને દાનમાં આપી દેતા.

બદલાતા સંદર્ભો અને નવી વિભાવનાઓને તેઓ ઝડપથી આત્મસાત્ કરી લેતા અને તેને લખાણોમાં અને શિક્ષણમાં સંમિલિત કરતા હતા. કરકસર અને સાદગીથી રહેનારા એમણે ૧૯૫૬માં કમાણીની પૂરેપૂરી બચત મદ્રાસ વિશ્વવિદ્યાલયને ગ્રંથાલયશાસ્ત્રના સંશોધન માટેની 'શારદા રંગનાથન્ ચૅર' સ્થાપવા માટે અર્પણ કરી.

ગ્રંથાલય અને માહિતીક્ષેત્રમાં સતત સંશોધન માટેનું પીઠબળ પૂરું પાડવું, એ તેમનું ધ્યેય હતું. આને કારણે તેઓએ વિશ્વના અનેક દેશોમાં આમંત્રણથી પ્રવચનો અને શિક્ષણ-કાર્ય માટે પ્રવાસો કર્યા હતા. ૧૯૫૦માં રોકફેલર ફાઉન્ડેશનના નિમંત્રણથી અમેરિકાનાં સંયુક્ત રાજ્યોનો બહોળો પ્રવાસ કર્યો. ૧૯૫૪થી ૧૯૫૭ ઝ્યુરિચ, જર્મની રહ્યા. ત્યારબાદ ડૉ. રંગનાથન્‌ની સમગ્ર જીવન દરમિયાનની સઘળી પ્રવૃત્તિઓનું ઉચ્ચ શિખર

તે 'ઇન્ડિયન સ્ટેટિસ્ટિકલ ઇન્સ્ટિટ્યૂટ'ના નેજા હેઠળ બૅંગાલુરુમાં સ્થાપેલ (૧૯૬૦) 'ડૉક્યુમેન્ટેશન રિસર્ચ ઍન્ડ ટ્રેનિંગ સેન્ટર'(ડીઆરટીસી)ની સ્થાપના હતું. આજે પણ આ સંસ્થા વિશ્વની ગ્રંથાલય અને માહિતી-શાસ્ત્રના શિક્ષણ અને સંશોધન માટેની ઉચ્ચકક્ષાની સંસ્થા ગણાય છે.

ડૉ. રંગનાથન્ એક અતિ ઉત્તમ ગ્રંથાલયી હતા. એમના ચિત્તમાં સતત નવા, મૌલિક વિચારો આવતા રહેતા. એમનું ચિત્ત નવા વિચારોથી વેદોના 'એકવાક્યતા'ના સિદ્ધાંત પ્રમાણે કાર્ય કરતું હતું અને તે કોઈ પણ ક્ષણે નવા વિચારોને વ્યાવહારિક ઉપયોગ સાથે સાંકળી લેતું હતું. ડૉ. રંગનાથન્ એક ઉત્તમ શિક્ષક હતા. તેઓ નિરાડંબરી, મેધાવી અને શ્રુતિધર શિક્ષક હતા અને વિદ્યાર્થીઓમાં અતિ પ્રિય હતા. તેઓ તેમના વિદ્યાર્થીઓને મૂળ તત્ત્વો વિશે વિચારવાની કળા શીખવતા અને તેના પર ગ્રંથાલયશાસ્ત્રનું ચણતર કરતા. ૧૯૪૭માં તેમણે તેમના વિદ્યાર્થીઓને કહ્યું કે ''તમને નવાઈ લાગશે કે ગ્રંથાલયવિજ્ઞાન દ્વારા મોક્ષપ્રાપ્તિ થઈ શકે છે ! તેમાં મને લેશમાત્ર પણ શંકા નથી. હું પોતે આ બાબતમાં ગંભીરતાપૂર્વક આશાવાદી છું. મારામાં ગ્રંથાલયવિજ્ઞાન તરફ અવિભાજિત શ્રદ્ધાભક્તિ છે, જે મને મોક્ષ તરફ દોરી જશે અને અંતિમ આનંદની જગ્યા તરફ લઈ જશે.'' આવી હતી તેમની ગ્રંથાલય અને માહિતીવિજ્ઞાન તરફની શ્રદ્ધા અને ભક્તિ.

ડૉ. રંગનાથન્ પોતાના સમય કરતાં ઘણા આગળ હતા. તેઓ દીર્ઘદ્રષ્ટા હતા. ૧૯૩૦માં તેઓએ 'ગ્રંથાલય સંચાલન'ના વૈજ્ઞાનિક સિદ્ધાંતોની રચના કરી છે, જે આજે આધુનિક મૅનેજમેન્ટના 'સિસ્ટમ એપ્રોચ'(System Approach)ને પુરવાર કરે છે.

૧૯૭૨ની ૨૭મી સપ્ટેમ્બરે બૅંગાલુરુમાં ડૉ. રંગનાથન્‌નું અવસાન થયું. તેઓ આજે ગ્રંથાલય અને માહિતીવિજ્ઞાનીઓ માટે પ્રેરણારૂપ છે અને આજની મુક્ત, ખાનગી અને વૈશ્વિકીકરણની (એલપીજી) આર્થિક નીતિના સંદર્ભમાં લોકોને ચોક્કસ, સમયસર અને વિશ્વસનીય માહિતીની આવશ્યકતા છે, ત્યારે ડૉ. રંગનાથને ચીંધેલા માર્ગે આવી સેવાઓ આપી શકાય તેમ છે.

– પ્રવીણ શાહ

### વાચકમિત્રોને

છેલ્લાં પંદર વર્ષથી 'વિશ્વવિહાર' આપને મળે છે. આપને તે રુચ્યું હોય અને ઉપયોગી લાગ્યું હોય તો તેનું વાર્ષિક લવાજમ રૂ. ૧૦૦નું મ. ઓ. ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, રમેશપાર્કની બાજુમાં, ઉસ્માનપુરા, અમદાવાદ – ૩૮૦ ૦૧૩ – એ સરનામે મોકલશો. બે, ત્રણ, ચાર કે પાંચ વર્ષનું લવાજમ પણ એકસાથે ભરી શકાશે. ડ્રાફ્ટ **ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ**ના નામનો મોકલવો. ❒





## બ્રહ્માંડના આરંભની ખોજ

# બાયસેપ-૨

૧૭મી માર્ચ, ૨૦૧૪ બ્રહ્માંડવિદ્યા (Cosmology) માટે એક દાયકાનો સૌથી અગત્યનો દિવસ હતો. અત્યારસુધી લોકભોગ્ય પણ જેની કસોટી થઈ ન હતી તેવા વાદની સાબિતી આપતો પ્રથમ પુરાવાનો અંશ વૈજ્ઞાનિકોએ પ્રસિદ્ધ કર્યો. તે વાદ વૈશ્વિક સ્ફિતિ(Cosmic Inflation)ને લગતો છે.

બ્રહ્માંડની ઉત્પત્તિ ૧૩.૭ અબજ વર્ષ પહેલાં મહાવિસ્ફોટ એટલે કે બિગ-બૅંગથી થઈ હતી. તે વખતે સમય અને અવકાશ(Time and Space)નાં પરિમાણો ન હતાં. આ પરિમાણોનો આરંભ બ્રહ્માંડની ઉત્પત્તિ સાથે થયો. મહાવિસ્ફોટ પછી બ્રહ્માંડ વિસ્તરવા માંડ્યું અને હજુ પણ વિસ્તરણ થઈ રહ્યું છે. પ્રથમથી તેનું વિસ્તરણ એકધારું થતું હતું. જો તેમજ હોય તો બ્રહ્માંડની સંરચનાઓ કેવી રીતે રચાય ? બીજી રીતે કહીએ તો બ્રહ્માંડમાંનાં તારાવિશ્વો (Galaxies), નિહારિકાઓ (Nebulas), તારાઓ, ગ્રહો વગેરે સંરચનાઓ કેવી રીતે રચાય ? તે સંરચનાઓની ઉત્પત્તિ સમજવા વૈશ્વિક સ્ફિતિનો વાદ છે. પરંતુ તેની પ્રત્યક્ષ સાબિતી ન હતી. હવે તે મળી છે. 'સ્ફિતિ'ને સામાન્ય ભાષામાં 'ફુગાવો' કહે છે. અંગ્રેજીમાં Inflation કહે છે. બ્રહ્માંડની ઉત્પત્તિ થઈ ત્યારે આરંભમાં બ્રહ્માંડનું વિસ્તરણ તીવ્ર ઝડપે થયું હતું. જાણે કે સમય થંભી ગયો હોય તેને સ્ફિતિ કહે છે. તેની સાબિતી કેવી રીતે મળી તેવો પ્રશ્ન થાય. તેની સાબિતી દક્ષિણ ગોળાર્ધમાં ઍન્ટાર્ક્ટિકામાં સ્થાપિત બાયસેપ-૨ (BICEP-2) નામના ટેલિસ્કોપની મદદથી થઈ હતી. અહીં પ્રશ્ન એ થાય કે બ્રહ્માંડની આરંભિક સ્થિતિ ટેલિસ્કોપથી કેવી રીતે જાણી શકાય ? ટેલિસ્કોપ તો દૂર દૂરના પદાર્થોની ખોજ કરવાનું સાધન છે. અલબત્ત, આજથી લગભગ ૪૦૦ વર્ષો પહેલાં ટેલિસ્કોપની શોધ થઈ તે પછી તો તેનો ઉત્તરોત્તર વિકાસ થયો છે. આજે તો જાણે કે તેની સંકલ્પના જ બદલાઈ ગઈ છે તેવું લાગે છે.

'બાયસેપ-૨' એ 'બાયસેપ'ની બીજી પેઢી છે. બાયસેપનું પૂરું નામ 'બૅકગ્રાઉન્ડ ઇમેજિંગ ઑવ્ એક્સ્ટ્રા ગેલૅક્ટિક પોલરાઇઝેન' છે. તેનું ગુજરાતી આવું કાંઈક કહી શકાય – 'બાહ્ય મંદાકિનીય ધ્રુવીભવનનું પાર્શ્વ પ્રતિબિંબન'. તે પૃથ્વીના દક્ષિણ ધ્રુવ પર ખગોળવિજ્ઞાનનું સાધન છે. માર્ચ, ૨૦૧૪માં બાયસેપે આરંભિક બ્રહ્માંડના ગુરુત્વતરંગોની પરખ મેળવી હતી અને ૧૭ માર્ચ, ૨૦૧૪ના 'હાર્વર્ડ-સ્મિથસોનિયન સેન્ટર ફૉર ઍસ્ટ્રૉફિઝિક્સ'એ જાહેર કર્યું કે બાયસેપ-૨ એ ગુરુત્વતરંગોમાં જેને વિજ્ઞાનની ભાષામાં 'બી–મોડ' કહે છે અને જેને ગુજરાતીમાં 'ચુંબકીય રીતિઓ' કહે છે તે શોધી કાઢી. ગુરુત્વતરંગો બ્રહ્માંડની ઉત્પત્તિ વખતે ઉત્પન્ન થયેલા હતા. તેમાં

ચુંબકીય રીતિ અને વિદ્યુત્‌કીય રીતિ હોય છે. અંગ્રેજીમાં તેને B-Mode અને E-Mode કહે છે. આ એક શકવર્તી અવલોકન હતું. તે વૈશ્વિક સ્ફિતિના વાદને પુષ્ટિ આપે છે.

વૈશ્વિક સ્ફિતિ(Cosmic Inflation)ની પરિકલ્પના (hypothesis) સૌપ્રથમ ભૌતિકવિજ્ઞાની એલાન ગુથે આપી હતી. તે જવાબ શોધી રહ્યા હતા કે બ્રહ્માંડના દૂર દૂરના ભાગો શા માટે સમરૂપ હોય છે. જોકે તેમનો ઇતિહાસ સામાન્ય હોઈ શકે છે. તેણે એક મૂલક ઉકેલ ૧૯૮૦માં સૂચવ્યો. તેણે સિદ્ધાંત આપ્યો કે બ્રહ્માંડની ઉત્પત્તિ એટલે કે બિગ-બૅંગ પછી ૧૦–૩૬ સેકન્ડ બ્રહ્માંડનું તમામ દ્રવ્ય અને વિકિરણ પ્રોટૉન જેટલા કદમાં સમાન રીતે પૅક કરેલું હતું. આપણે જાણીએ છીએ કે અતિસૂક્ષ્મ પરમાણુની સૂક્ષ્માતીત નાભિમાં આવેલું એક કણ છે. આજનું વિરાટ બ્રહ્માંડ આટલું સૂક્ષ્માતીત હતું તે કલ્પવું મુશ્કેલ છે.

બ્રહ્માંડ ૧૦–૩૩ સેકન્ડની વયનું થયું તે દરમિયાન તેનું કદ ૧૦૭૮ ગણું વધી ગયું. આ સમયના ગાળાને સ્ફિતિ-યુગ કહે છે. આ ગાળા પછી બ્રહ્માંડ વધીને નારંગી જેવડું થઈ ગયું. તે પછી આજે પણ વિસ્તરણ પામી રહ્યું છે, પરંતુ વિસ્તરણની ઝડપ ધીમી છે. આ સિદ્ધાંત બ્રહ્માંડની ઘણી બધી બાબતો ઉકેલવા તત્પર હતો પરંતુ તેની સાબિતી મુશ્કેલ હતી. તેની સાબિતી મેળવવા હાર્વર્ડ-સ્મિથસોનિયન સેન્ટર ઑવ્ ઍસ્ટ્રૉફિઝિક્સ'ના વૈજ્ઞાનિકોએ બાયસેપ-૨ ટેલિસ્કોપનો ઉપયોગ કર્યો.

દક્ષિણ ધ્રુવનું વાતાવરણ સૂકું હોય છે. ત્યાં સ્થાપિત બાયસેપ-૨ ૧૩.૭ અબજ વર્ષ પહેલાં બિગ-બૅંગની જે વિકિરણ ઊર્જા ઉત્પન્ન થયેલ તેના અતિપુરાતન અવશેષોની શોધ કરે છે. તેને 'કૉસ્મિક માઇક્રોવેવ બૅકગ્રાઉન્ડ' જેને ટૂંકમાં 'સીએમબી' કહે છે તેને શોધે છે. આ માઇક્રોવેવ રેડિયેશન(સૂક્ષ્મતરંગ વિકિરણ)નું એવું ક્ષેત્ર છે જે બ્રહ્માંડમાં પારગમન પામેલ છે. સીએમબીમાં વિદ્યુત્‌કીય (E) અને ચુંબકીય (B) રીતિઓ (Mode) હોય છે.

બિગ-બૅંગ પછી બ્રહ્માંડ અત્યંત ગરમ, ઘટ્ટ પ્લાઝ્‌માનું બનેલું હતું. તે વિસ્તરવા લાગ્યું અને ઠંડું પડવા લાગ્યું. જ્યારે તાપમાન બિગ-બૅંગ પછી ૩,૮૦,૦૦૦ વર્ષે પૂરતું ઠંડું થયું ત્યારે ઇલેક્ટ્રૉન પ્રોટૉન સાથે જોડાઈ શક્યા અને હાઇડ્રોજન પરમાણુ રચાયા. જે પ્રકાશના 'કણો' કહેવાય છે તે ફોટૉન કે જે સીએમબી રચે છે. આ પ્રક્રિયાની આડપેદાશ રૂપે ઉત્સર્જિત થયા તે આ ફોટૉન. આજે પણ તે બ્રહ્માંડમાં હજુ સફર કરી રહ્યા છે.

સીએમબીમાં વિદ્યુત્‌કીય અને ચુંબકીય રીતિઓ હોય છે. તે પૈકી ચુંબકીય રીતિમાં જેમ જેમ બ્રહ્માંડની વય વધતી ગઈ તેમ તેમ ફેરફાર થતા ગયા છે. ગુરુત્વીય અસરો તેને થાય છે. દા. ત., વિદ્યુત્‌કીય રીતિને વિશાળ તારાવિશ્વોનું પ્રબળ ગુરુત્વ તેને વળ ચઢાવીને ચુંબકીય રીતિમાં રૂપાંતર કરે છે.

જોકે વૈજ્ઞાનિકો આ અસરને ગુરુત્વતરંગોમાં શોધે છે. આ તરંગો માત્ર ગુરુત્વઊર્જાના છે. અવકાશ-સમયના પટને તે તાણવાની કે દબાવવાની ક્ષમતા ધરાવે છે. સ્ફિતિ યુગે ગુરુત્વતરંગોને અવકાશ-સમયના પટમાં લહેર ઉપજાવતા વિચારવામાં આવે છે. આ પ્રક્રિયામાં તેની અસરો ચુંબકીય રીતિઓ પર અંકિત કરે છે. તે આજે ચુંબકીય ક્ષેત્રમાં વમળો સર્જતી જોવા મળે છે.

બાયસેપ-૨એ તે શોધી કાઢેલ છે.

આ પરિણામે સાપેક્ષવાદ અને ક્વૉન્ટમ મિકૅનિક્સનું જોડાણ તારવેલ છે.

**– વિહારી છાયા**

---

## સહયોગ

- ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટને ગૂર્જર પરિવાર દ્વારા એનાં દૃશ્ય-શ્રાવ્ય કેન્દ્ર માટે તથા એનાં અન્ય આયોજનો અર્થે પંદર લાખ રૂપિયાનું દાન મળેલ છે.
- બાળસાહિત્યની પ્રવૃત્તિનો વિકાસ થાય તે માટે શ્રી ધીરુબહેન પટેલે અગાઉ દાન આપ્યું હતું. એમાં લાંબી સળંગ કિશોરકથાની સ્પર્ધા માટે એમણે વધુ એક લાખ રૂપિયાનું દાન આપ્યું છે. આ સ્પર્ધાની વિગતો આ અંકમાં અન્યત્ર પ્રગટ થઈ છે.
- ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટને શ્રી કલ્પનાબહેન પુરુષોત્તમભાઈએ આર્થિક સહયોગ આપ્યો છે.

## બાળ વિશ્વકોશના ત્રણ ખંડ : બ્રેઇલ લિપિમાં

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત થયેલ 'બાળવિશ્વકોશ'નું બ્રેઇલ લિપિમાં લિપ્યંતર કરવામાં આવ્યું છે. અમદાવાદની અંધકન્યા પ્રકાશગૃહની વિદ્યાર્થિનીઓ રોજ સવારની પ્રાર્થનામાં ઇતરવાચન રૂપે 'બાળવિશ્વકોશ'નાં અધિકરણોનું વાચન કરે છે. બાળવિશ્વકોશના ત્રણ ભાગનું બ્રેઇલ લિપિમાં અવતરણ કરવા માટે અંધજન મંડળનો સહયોગ સાંપડ્યો છે અને અંધજન મંડળના વિદ્યાર્થીઓ પણ આનો પૂરો લાભ લે છે.

બાળવિશ્વકોશને બ્રેઇલ લિપિમાં પ્રકાશિત કરવા માટે વિશ્વકોશ ટ્રસ્ટ વતી શ્રી ધીરુભાઈ ઠાકર અને શ્રી કુમારપાળ દેસાઈએ સંમતિ આપી હતી, જેને પરિણામે પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓને માટે જ્ઞાનનાં દ્વાર ખૂલ્યાં છે. આજે આ સંસ્થાઓમાં તાલીમ અને શિક્ષણ લેતા વિદ્યાર્થી-સમૂહની આને પરિણામે રોજગારીની તકો વધી રહી છે અને તેઓ સ્વનિર્ભર બની રહ્યા છે.

**– અંજના ભગવતી**

## જ્ઞાન-વિજ્ઞાન વ્યાખ્યાનશ્રેણી

◈ ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટની **શ્રી ભદ્રંકર વિદ્યાદીપક જ્ઞાન-વિજ્ઞાન વ્યાખ્યાનશ્રેણી**ના ઉપક્રમે ઑગસ્ટ મહિનામાં નીચે મુજબ બે વ્યાખ્યાનો સાંજે **પાંચ વાગ્યે** શ્રી હીરાલાલ ભગવતી સભાગૃહમાં યોજવામાં આવ્યાં છે :

**૨૦ ઑગસ્ટ ૨૦૧૪, બુધવાર** : વિષય : કવિ અને કવિતા
વક્તા : શ્રી નિરંજન ભગત

**૨૭ ઑગસ્ટ ૨૦૧૪, બુધવાર** : વિષય : વાર્તા ક્યાંથી મળે છે ?
વક્તા : શ્રી રજનીકુમાર પંડ્યા

## લલિતકલાકેન્દ્ર

**◈ ૨ ઑગસ્ટ ૨૦૧૪, શનિવાર, સાંજના ૫-૩૦ :**

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના લલિતકલાકેન્દ્રના ઉપક્રમે કાવ્યસંગીતશ્રેણીના અન્વયે શ્રી અમર ભટ્ટ દ્વારા અગાઉ નરસિંહથી ન્હાનાલાલ સુધીની કાવ્યયાત્રા પ્રસ્તુત કરવામાં આવી હતી. હવે 'ઝીણા ઝરમર વરસે મેહ' શીર્ષક હેઠળ કવિ ન્હાનાલાલથી શરૂ થતી ગુજરાતી કાવ્યયાત્રાની શ્રી અમર ભટ્ટ સંગીતમય પ્રસ્તુતિ કરશે.

## અન્ય કાર્યક્રમ

**◈ ૧૪ ઑગસ્ટ ૨૦૧૪, ગુરુવાર, સાંજના ૫-૩૦ :**

શ્રી અનિલ રેલિયા દ્વારા ૧૫૮૦થી ૧૯૪૭ સુધીનાં ઐતિહાસિક વ્યક્તિચિત્રો-(પોર્ટ્રેટ)ની વિકાસગાથાનું પાવરપૉઇન્ટ પ્રેઝન્ટેશન કરવામાં આવશે. તેમજ વિશ્વકોશની કલાવીથિકામાં પોર્ટ્રેટનું પ્રદર્શન યોજાશે. ભારતીય પોર્ટ્રેટનો પ્રારંભ વિદેશથી આવેલા મુસાફરોએ દોરેલાં વ્યક્તિચિત્રોથી થાય છે. એમણે એમના પ્રવાસવર્ણનમાં શહેનશાહ અકબર કે ટીપુ સુલતાન જેવાનાં વ્યક્તિચિત્રો આલેખ્યાં છે. પહેલાં વૂડકટ પ્રિન્ટ રૂપે, પછી તાંબામાં, સ્ટીલમાં, લાકડામાં અને ત્યારબાદ શ્વેત-શ્યામ અને પછી રંગીન લિથોગ્રાફ દ્વારા એની મુદ્રણકલાનો વિકાસ થયો. આઝાદી કાળ દરમિયાન અનેક દેશનેતાઓનાં વ્યક્તિચિત્રોએ પ્રજામાં દેશપ્રેમનો આગવો જુસ્સો જગાડ્યો હતો. પોર્ટ્રેટની મુદ્રણકલાની વિકાસગાથાની સાથોસાથ એ સમયના જનજીવનના જુદા જુદા પ્રવાહોને દર્શાવવામાં આવશે.

## અભિનંદન

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના ટ્રસ્ટી અને ગુજરાત યુનિવર્સિટીના વિનયન વિદ્યાશાખાના પૂર્વ ડીન શ્રી કુમારપાળ દેસાઈની જૈન વિશ્વભારતી ઇન્સ્ટિટ્યૂટે એના જૈનોલૉજી ડિપાર્ટમેન્ટમાં પ્રોફેસર ઇમેરિટ્સ તરીકે નિમણૂક કરી છે અને જૈન વિશ્વભારતીના જૈન ફિલૉસૉફીના ઇતિહાસના મેગા-પ્રૉજેક્ટમાં તેઓની સેવા લેવાનું નક્કી કરવામાં આવ્યું છે. જૈન વિશ્વભારતી દ્વારા આવું સન્માન પામનાર તેઓ ગુજરાતના સૌપ્રથમ વ્યક્તિ છે.



# ~ વાર્તાલેખન સ્પર્ધા ~

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ દ્વારા ગુજરાતી ભાષા-સાહિત્ય અને સંસ્કૃતિના સંવર્ધનની અને ગુજરાતની અસ્મિતાને ઉજાગર કરવાની સાહિત્યિક-સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ચાલે છે. અત્યાર સુધીમાં વિવિધ શ્રેણીઓ દ્વારા જુદાં જુદાં પુસ્તકો પ્રકાશિત થયાં છે. ગુજરાતી ભાષામાં બાળ-કિશોર સાહિત્યને ઉત્તેજન આપવા માટે પ્રસિદ્ધ સર્જક શ્રી ધીરુબહેન પટેલે માતબર રકમનું દાન કરેલ છે, જેના દ્વારા બાળ-કિશોર સાહિત્યનું પ્રકાશન, નવા લેખકોને ઉત્તેજન તેમજ બાળ-કિશોરને ઉપયોગી એવાં વિવિધ આયોજનો થશે. આ સંદર્ભમાં એક સળંગ કિશોરકથા માટેની વાર્તાલેખન સ્પર્ધા યોજવામાં આવી છે.

૧. એક સળંગ લાંબી કિશોરકથા લખવી. ગુજરાતી ભાષામાં લખાયેલી એ મૌલિક કૃતિ હોવી જોઈએ તેમજ આ કૃતિ કોઈ પણ માધ્યમમાં પ્રકાશિત થયેલી હોવી જોઈએ નહીં.

૨. આ કિશોરકથા કાગળની એક બાજુએ સુવાચ્ય અક્ષરે લખેલી અથવા ટાઇપ કરેલી હોવી જોઈએ. ઈ-મેઇલ દ્વારા મોકલેલી વાર્તા સ્વીકારવામાં આવશે નહીં.

૩. આશરે ૪૦,૦૦૦થી ૫૦,૦૦૦ શબ્દોમાં (આશરે ૧૨૫થી ૧૫૦ ફૂલ્સ્કૅપ પાનામાં) વાર્તા લખીને મોકલવી. વાર્તાસ્પર્ધામાં પ્રથમ પારિતોષિક ૫૧,૦૦૦ રૂ., દ્વિતીય પારિતોષિક ૨૫,૦૦૦ રૂ. અને તૃતીય પારિતોષિક ૧૧,૦૦૦ રૂ.નું રહેશે. ગુણવત્તા ધરાવતી કૃતિ પ્રાપ્ત નહીં થાય, તો એ પારિતોષિક આપવામાં આવશે નહીં.

૪. વાર્તા પ્રકાશિત કરવાના હક્કો ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના રહેશે.

૫. નિર્ણાયકોનો નિર્ણય આખરી ગણાશે. આ સ્પર્ધાનો નિર્ણય ૨૮ ફેબ્રુઆરી, ૨૦૧૫, શનિવારના રોજ જાહેર થશે.

૬. વાર્તા સાથે લેખક-લેખિકાએ પોતાનો સંક્ષિપ્ત પરિચય-ફોટોગ્રાફ મોકલવો.

૭. વાર્તા ૨૯ ડિસેમ્બર, ૨૦૧૪, સોમવાર સુધીમાં નીચેના સરનામે મોકલવી.

**ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ (વાર્તાલેખન સ્પર્ધા)**
રમેશ પાર્કની બાજુમાં, વિશ્વકોશ માર્ગ, ઉસ્માનપુરા,
અમદાવાદ - ૩૮૦૦૧૩ ફોન : ૨૭૫૫૧૭૦૩



ગુજરાતના પ્રસિદ્ધ ચિત્રકાર અને છબીકાર જ્યોતિ ભટ્ટનાં ચિત્રોનું પ્રદર્શન



'મારી કલાયાત્રા'
વિશે જ્યોતિ ભટ્ટ



'પડકાર પૂર્વાંચલનો અને સાદ સેવાનો'
વિશે ડૉ. પ્રતિભા આઠવલે



'ચારણી કથા-પ્રસંગોનું પ્રસ્તુતીકરણ'
વિશે યોગેશ ગઢવી

RNI No. GUJGUJ/1998/4459. Permitted to post at Ahd PSO
On 5th every month under postal Regd. No. GAMC 1375
2012-14 issued by SSP Ahmedabad-9 Valid Upto 31-12-2014

ISSN 2321 6999

દર માસની ૫મી તારીખે પ્રકાશિત


# ગુજરાતી વિશ્વકોશ ગ્રંથશ્રેણી

**ગુજરાતી ભાષા, સાહિત્ય અને એની અસ્મિતાને ઉજાગર કરતી દરેક સંસ્થા, ગ્રંથાલય અને વ્યક્તિએ વસાવવા જેવી**

**૧૦૦૦ પાનાંનો એક એવા ૧ થી ૨૫ ગ્રંથો ('અ' થી 'હ' સુધી)માં ૧,૭૦૦થી વધુ વિદ્વાનો અને લેખકોએ લખેલાં ૧૬૬ વિષયનાં ૨૩,૦૦૦થી વધુ લખાણોનો સમાવેશ.**

**સવા કરોડથી વધુ શબ્દસંખ્યા અને અદ્યતન માહિતી ધરાવતો પ્રમાણભૂત વિશાળ જ્ઞાનસંગ્રહ**

**વિવિધરંગી વાચનસામગ્રી ધરાવતો ગ્રંથ ૧ થી ૨૫ સુધીનો**



**આ શ્રેણીની કિંમત રૂ. ૨૦,૮૦૦/- છે, જે રૂ. ૧૫,૬૦૦/- માં મળશે.**

**મુખ્ય વિક્રેતા અને પ્રાપ્તિસ્થાન**
ગૂર્જર એજન્સીઝ, રતનપોળ નાકા સામે, ગાંધી માર્ગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૧, ફોન : ૨૨૧૪૪૬૬૩, ૨૨૧૪૯૬૬૦

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, અમદાવાદ